મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં કરિયાણાની ફ્રી હોમ ડિલીવરી

## ગાંધીનગર રિટેલર્સ એન્ડ પબ્લિક અસોસિએશન સાથે સંકળાયેલા વેપારીઓ દ્વારા કરિયાણાની ડીલીવરી ચાર્જ વિના હોમ ડિલિવરી

ગાંધીનગર, તા.૮

કોરોનાથી બચવા માટે સરકાર દ્વારા ઘણા નીતિ નિયમો બહાર પાડવામાં આવ્યા છે. નાગરિકો દ્વારા થતી બિનજરૂરી ભીડ અટકાવવા અને કોરોના વાયરસના સંક્રમણને ટાળવા માટે ગાંધીનગરમાં કરિયાણાની હોમ ડિલિવરીની શરૂઆત કરવામાં આવી છે. કરિયાણાની દુકાન ઉપર ભીડ ન થાય અને નગરજનોને ઘરે બેઠા જીવન જરૂરી વસ્તુઓ મળી જાય તે માટે અમલમાં આવેલી આ યોજનાને હૂંફાળો પ્રતિસાદ મળી રહ્યો છે. જે સંદર્ભે કરિયાણાના દુકાનદારો દ્વારા ભુજના ૫૦૦થી વધુ ઘરોમાં નિઃશુલ્ક હોમ ડિલિવરી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર રિટેલર્સ એન્ડ પબ્લિક **association**ના પ્રમુખ વીરભદ્ર સિંહ વાઘેલા જણાવે છે કે આફતની ઘડીમાં કરિયાણાના વેપારીઓ કોઈ ચાર્જ લીધા વગર ઘરે-ઘરે હોમ ડિલીવરી આપી રહ્યા છે. બે વસ્તુ ખરીદવા આવેલા ગ્રાહકને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને તરત જ વસ્તુ આપી દેવામાં આવે છે. મોટું લિસ્ટ હોય તેની પાસેથી અમે યાદી લઈએ છીએ અને ગણતરીના સમયમાં ઘરે વસ્તુ પહોંચાડી દેવાય છે. એસોસિએશનના **sunray** વિનોદ જણાવે છે કે જેના કારણે દુકાન પર ભીડ થતી નથી અને નાગરિકોને સમયસર વસ્તુ પણ મળી જાય છે. દુકાનદારના નામ અને વિસ્તાર સાથે મોબાઈલ નંબરની યાદીના આધારે ઘણા નગરજનો વોટ્સઅપ પર લીસ્ટ મોકલાવી દે છે આવા વ્યક્તિઓને સાંજ સુધીમાં હોમ ડિલિવરી પહોંચાડી દેવાય છે. આ કામગીરી માટે દુકાનના કર્મચારીઓ ઉપરાંત ખાનગી રીક્ષા ચાલકોની પણ મદદ લેવામાં આવે છે. કેટલાક મોલ પાસેથી હોમ ડિલિવરી લેનારના જણાવ્યા મુજબ તેમને અપાયેલા બિલમાં હોમ ડિલિવરી ચાર્જ વસૂલાય છે આ ચાર્જ ઉપર જીએસટી પણ લાગે છે. જ્યારે કરિયાણા વેપારીઓ હવે કોઈપણ ચાર્જ લીધા વગર વસ્તુઓ પહોંચાડી રહ્યા છે.






ગાંધીનગરમાં ખાસ કરીને પગાર તારીખોમાં કે મહિનાની શરૂઆતમાં સામાન્ય રીતે ઘણા ને વધુ ખરીદી થતી હોય છે. ઘણા પરિવારો એક સાથે મહિનાનું કલ્યાણ ખરીદવાનો આગ્રહ રાખે છે જેના લીધે હાલના દિવસોમાં રોજ પાંચસોથી વધુ પરિવારોને હોમ ડિલિવરી આપવામાં આવે છે. **association** સાથે સંકળાયેલા ૧૧૫ વેપારીઓમાંથી ૮૦ વેપારીઓ પાસે રોજના સરેરાશ ૧૦ જેટલા હોમ ડિલિવરીના ઓર્ડર આવે છે. ઘણા કિસ્સામાં નાગરિકો માંડ ૫૦૦ રૂપિયાની ખરીદી માટે પણ આગ્રહ રાખે છે આવા નાગરિકોને પણ નિઃશુલ્ક હોમ ડિલિવરી આપવામાં આવે છે.

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'કિલક'..!!

સંકલન : સમીર રામી

## લોકડાઉનમાં ફરજ નિભાવી રહેલા પોલીસ-સુરક્ષા કર્મીઓનું હેલ્થ સ્ક્રિનીંગ કરાયું



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કોરોના સામેની લડતના આરંભે જ અહેસાસ થઈ ગયો હતો કે આ લડતમાં મેડીકલ સ્ટાફ, સફાઈ કર્મીઓ ઉપરાંત પોલીસ અને સુરક્ષા કર્મીઓ મહત્વની ભૂમિકા ભજવવાના છે. જેને પગલે લૉકડાઉન લાગુ કરાયું તે પહેલા જ જનતા કરફર્યુ દરમિયાન સમગ્ર દેશની જનતાને તે તમામનો તાળી પાડી આભાર પ્રગટ કરવા અનુરોધ કર્યો હતો. લૉકડાઉનના બે સપ્તાહ દરમિયાન આ લડવૈયાઓએ પોતાના જીવના જોખમે ફરજ બજાવી છે ત્યારે તેમના આરોગ્યની ફીકર કરવી પણ જરુરી છે. આજે ગાંધીનગરના સચિવાલય ખાતે હાથ ધરવામાં આવેલા હેલ્થ સ્ક્રિનીંગ કેમ્પમાં સે-૨ અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસર ડૉ. પૂજા ખત્રી, ફિમેલ હેલ્થ વર્કર, જીજ્ઞાસા મકવાણા તથા ફાર્માસિસ્ટ અવની પટેલની ટીમ દ્વારા પોલીસ, એસઆરપી, હોમગાર્ડસ, ટ્રાફિક તથા જીઆઈએપીએફના ૮૩૧ જવાનોનું હેલ્થ ચેકએપ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં વિવિધ સ્થળે ચાલી રહેલા હેલ્થ સ્ક્રિનીંગમાં કુલ ૧૭૪૨ જવાનોના હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યા છે.

## કોરોના સામે લડવા રોગપ્રતિકારક શકિત વધારતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ખરેખર તો નોવેલ કોરોના કોવિદ-૧૯ વાઈરસથી દર્દીઓનો મૃત્યુઆંક જુઓ તો અન્ય મહામારી જેવી કે કેન્સર, ટીબી કે મેલેરિયાથી મૃત્યુ પામતા દર્દીઓ કરતાં ખૂબ જ ઓછો છે પરંતુ એકાએક ફેલાયેલા અને અને સ્પર્શથી પ્રસરતા ચેપને કારણે તેમજ બિમારી લાગુ પડી ચુકી છે તેની જાણ થાય તે પછી ઓછા સમયમાં જોખમી સ્તરે પહોંચી જવાની પેટર્નમાં જો સમયસર સારવાર ના મળે તથા દર્દીની રોગપ્રતિકારક શકિત ઓછી





હોય તો દર્દીનું મૃત્યુ થઈ શકે છે. વિશ્વના દેશોમાંથી જે રીતે સંખ્યાબંધ દર્દીઓના મૃત્યુઆંક આવી રહ્યા છે તેના કારણે ચિંતા થવી સ્વાભાવિક છે. આ સ્થિતિમાં શહેરમાં કેપિટલ ક્રિએટીવ કલબ દ્વારા શહેરીજનોની રોગપ્રતિકારક શકિત વધે તે હેતુથી આયુર્વેદિક ઉકાળાનું દરરોજ વારાફરતી કોઈ પણ એક સેકટરમાં નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગતરોજ સેકટર-૨માં વિતરણ કર્યા બાદ આજ સેકટર-૭માં વિતરણ હાથ ધરાયું હતું.



## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સેનેટાઈઝીંગ હાથ ધરાયું!

અત્યાર સુધી કોરોના વાઈરસનો ચેપ માણસોને જ લાગે છે અને તે પ્રાણીઓમાં પ્રસરતો નથી તેવું માનવામાં આવતું હતું પરંતુ અમેરિકાના ન્યુયોર્કમાં એક પ્રાણી સંગ્રહાલયના વાઘને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોવાનું સાબિત થતાં સમગ્ર વિશ્વમાં હલચલ મચી જવા પામી છે અને વન્યજીવ પ્રેમીઓ તથા પ્રકૃતિ પ્રેમીઓ સહિત સરકાર પણ ચિંતામાં આવી ગઈ છે અને ભારતના દરેક પ્રાણી સંગ્રહાલયમાં સેનેટાઈઝીંગ સહિતની દરકાર લેવા તાકીદ કરવામાં આવી છે. આ અંતર્ગત ગાંધીનગરમાં પણ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સેનેટાઈઝીંગ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.



વૈશ્વિક મહામારી કોરોનાના કારણે લૉકડાઉનની પરિસ્થિતિ ઉભી થઈ છે. ધંધા-રોજગાર બંધ થતાં રોજ કમાઈને ખાનારાઓને તકલીફ પડી રહી છે. આવી પરિસ્થિતિમાં ગાંધીનગર શહેરમાં વસતા ગરીબ કુટુંબો માટે જય જલારામ ચોપાટી, સે-૧૬ દ્વારા સવારે ૨૦૦ વ્યકિતનું ભોજન તૈયાર કરવામાં આવે છે અને જરૂરિયાતમંદોને ભોજન કરાવવામાં આવે છે. જેથી લાલભાઈ, અશોકભાઈ, રાજેન્દ્રસિંહ, અતુલ પંડયા, ભરતભાઈ, અશોકભાઈ, નરેશભાઈ, જીતુભાઈ રાદડીયા, રમેશભાઈ વાઘેલા અને નયનભાઈ વગેરે મિત્રોના સહકારથી આ સેવા કેન્દ્ર ચાલી રહ્યું છે.



લૉકડાઉનના સમયમાં ગાંધીનગર એકદમ શાંત બની ગયું છે. દિવસ રાત ધમધમતું હાલમાં સાવ સુનું થઈ ગયું છે. ધમધમાટ શાંત થતાં ગાંધીનગરની આસપાસ વસતાં વન્યપ્રાણીઓની અવરજવર શહેરમાં વધી ગઈ છે. જયાં જુઓ ત્યાં વાંદરાઓ અને રોઝ નજરે ચઢી જાય છે. વન્યપ્રાણીઓ અને પક્ષીઓની અવરજવર છેલ્લા કેટલાક દિવસોમાં વધી ગઈ છે.




### ઘ-૦ પાસે ઈકો અને એમ્બ્યુલન્સ વચ્ચે અકસ્માત

લૉકડાઉનની સ્થિતિ વચ્ચે સમગ્ર રાજયમાં ગણ્યાં-ગાંઠ્યા વાહનો માર્ગ પર નજરે પડી રહ્યા છે. માર્ગ પર આવશ્યક ચીજવસ્તુઓ અને જરુરી તંત્રના વાહનોની અવર-જવર નજરે પડી રહી છે. ત્યારે સવારના દશ વાગ્યાના અરસામાં ઘ-૦ પાસે ઈકો કાર અને એમ્બ્યુલન્સ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જો કે એમ્બ્યુલન્સ અકસ્માતને પગલે પલ્ટી ખાઈ ગઈ હતી. પરંતુ આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. જો કે બંન્ને વાહનોને ભારે માત્રામાં નુકશાન થયુ હતું.

## હજુ પણ કામ વિના ફરતા નાગરીકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

લોકડાઉનમાં ગાંધીનગર શહેરમાં ફરતા બિનજરુરી નાગરીકોને પકડી પાડવા માટે પોલીસ તંત્ર દ્વારા સતત રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત પોલીસ દ્વારા ડ્રોન કેમેરાથી સતત શહેરી-ગ્રામીણ વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી છે. ગાંધીનગરમાં રોજ ૫૦ થી વધુ નાગરીકો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાઈ રહ્યો છે તેમ છતા કેટલાક નાગરીકો આંટાફેરા અને કામવિના બહાર ફરતા નજરે પડે છે. તો બીજી તરફ સોસસાયટી, બંગ્લોઝ, રો હાઉસ સહિતના રહેણાંક વિસ્તારમાં નાગરીકો ટોળે વળીને વાતચીત કરવા માટે બેઠેલા નજરે પડે છે. ગાંધીનગરના ૭ પોલીસ મથક વિસ્તારમાં ગીયોડ, ગામની ભાગોળ ખાતેથી ચાર, જાખોરાથી ચાર, વડોદરાથી એક, ડભોડાથી એક અને સરગાસણ ગામના ઠાકોરવાસમાંથી ચાર, ધોળાકુવામાંથી ચાર, પેથાપુર ચોકડીથી બે બાઈક સવાર, સેકટર-૨૮ ચરેડી ચોકડીથી ૨, વાવોલના પ્રજાપતિ વાસમાંથી ૪ તેમજ સેકટર-૧૪ શોંપિગ સેન્ટર પાસેથી ૬ શખ્સો કામ વિના ફરતા મળી આવ્યા હતા. જયારે પ્રાંતિયા ગામેથી ૬, કોલવડા નિલકંઠ મહાદેવ મંદિર પાસેથી ૩, સેકટર-૨૬ ગ્રીનસીટી પાસેથી ૩, વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પરથી જોગણી માતના મંદિર પાસે બાકડા પર બેઠેલા ૩, અને સેકટર-૧૫ ફતેપુરાથી ૨, લાવારપુર એસબીઆઈ બેંક પાસેથી ૨ તેમજ ડભોડા લવારપુર માર્ગ પરથી ૩ શખ્સો જાહેરનામાનો ભંગ કરતા ઝડપાયા હતા.



ગાંધીનગર રીયલ એસ્ટેટ એસોસીએશન દ્વારા ગાંધીનગરના જરૂરીયાતમંદો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. સેકટર-૧ થી ૩૦ તથા સરગાસણ, કુડાસણ તેમજ છેક ચિલોડા સુધી ગરીબોને ભોજન પુરું પાડવામાં આવે છે. કોઈ વ્યકિતને ભોજનની જરૂર હોય તો અમિત ઉપાધ્યાય (ફોન નં. ૯૯૭૯૯૬૫૧૦૦)નો સંપર્ક સાધી શકાય છે.

### સિવિલ કેમ્પસમાં સેનેટાઈઝેશનની કામગીરી



કોરોનાને કાબુમાં કરવા માટે તંત્ર દ્વારા પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. ત્યારે કોરોનાના કહેર વચ્ચે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલા નવી બિલ્ડીંગ, ઓપીડી બિલ્ડીંગ, મેડીકલ કોલેજ, તાત્કાલીક વિભાગ, મેડીકલ કોલેજ, તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલ, રહેણાંક વિસ્તાર સહિતના વિભાગમાં સેનેટાઈઝેશનની કામગીરી ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

## કોરોના ઈફેકટને લીધે શહેરીજનો બરફ ગોળાથી વંચિત રહી શકે

ગાંધીનગર, તા.૮

શહેરમાં ઉનાળાની ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. આ સાથે બાળકો પણ વેકેશન ગણવામાં આવે તો વેકેશન અને કોરોના લોકડાઉન ગણીએ તો આ બંને રીતે હાલ ઘરમાં વેકેશનનો અનુભવ કરી રહ્યા છે. આમ તો આ સમય બાળકોના વેકેશન અને મોજ-મસ્તી કરવાનો છે. આ સાથે ઈન્ડોર અને આઉટડોર ગેમ્સ રમી રાત્રે બગીચામાં આંટો મારવા જવાની સાથે ગોળો ખાવો તે શહેરીજનોનો શોખ રહ્યો છે. એપ્રિલ મહિનાની શરૂઆત થી લઈ ચોમાસુ આવે ત્યાં સુધી શહેરમાં બરફ ગોળાનું વેચાણ થતું હોય છે. બરફ ગોળા ખાવાની વાટ સૌ કોઈ નાના મોટા જોઈ રહ્યા હોય છે પરંતુ કોરોના વાયરસની અસર જે સંપૂર્ણ વિશ્વમાં થઈ છે અને સંપૂર્ણ રાજ્ય સાથે આપણું શહેર પણ હાલ લોકડાઉનનો સમય પસાર કરી રહ્યું છે ત્યારે ઘરે રહેવું અને સ્વસ્થ રહેવું તે વધુ અનુકૂળ જણાઈ રહ્યું છે. શહેરની તમામ હોટલ - રેસ્ટોરન્ટ, થિયેટર, પાર્ક, બગીચા, જાહેર સ્થળો થી લઈ ઘરની બહાર નીકળવાની પણ મનાઈ ફરવામાં આવી છે. હવે આ સમયમાં બરફ ગોળાનું આગમન તો કપરૂ રહ્યું. કોરોના જેવા રોગથી બચવા દરેક ઘરે જ રહેવાનું પસંદ કરી રહ્યા છે ત્યારે બની શકે કે ગૃહિણીઓ પરિવારજનો તથા ખાસ બાળકો માટે હોમમેડ બરફ ગોળા બનાવી લે પરંતુ બહાર જઈને ગોળો ખાવો અને મજા માણવી એ બાબતથી સર્વે નગરજનો આ વર્ષે વંચિત રહી જશે તેમ લાગી રહ્યું છે.

